અપીલ અરજી નં.૧૩૪ તા.૭–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતીઅધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૩–૭–૦૯ની અરજીથી સુરત મહાનગરપાલિકા રહેઠાણવાળા વિસ્તારમાં બાંધકામ નિયંત્રણ અંગે હાલમાં પ્રવર્તમાન મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયમોની જોગવાઈઓ પૈકી નિયમ ૩૧ કે જેમાં યુઝ અને પ્રોવિઝનલની જોગવાઈ છે તે તા.૧૫–૯–૦૪ થી અમલમાં આવેલ છે કે ગૃહ ઉદ્યોગ કોટેજ ઉદ્યોગમાં કેમીકલ વાપરવાની પરવાનગીનો ઉલ્લેખ નથી તેમ છતાં સુરત મહાનગરપાલિકા સબંધિત વિભાગ ફાયર તેમજ આરોગ્ય વિભાગ જરી ગીલીટના એકમોમાં જવલીનશીલ પદાર્થ (કેમીકલ) ના પરવાના સંગ્રહ/વપરાશ કરવાના બીપીએમસી એકટ–૩૭૬ –૧ મુજબ આપી શકે હા યા ના માં માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૭–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૩૪/૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૩–૭–૦૯ની અરજીથી સુરત મહાનગરપાલિકા રહેઠાણવાળા વિસ્તારમાં બાંધકામ નિયંત્રણ અંગે હાલમાં પ્રવર્તમાન મંજુર થયેલ પુનરાવર્તિત વિકાસ નિયમોની જોગવાઈઓ પૈકી નિયમ ૩૧ કે જેમાં યુઝ અને પ્રોવિઝનલની જોગવાઈ છે તે તા.૧૫–૯–૦૪ થી અમલમાં આવેલ છે કે ગૃહ ઉદ્યોગ કોટેજ ઉદ્યોગમાં કેમીકલ વાપરવાની પરવાનગીનો ઉલ્લેખ નથી તેમ છતાં સુરત મહાનગરપાલિકા સબંધિત વિભાગ ફાયર તેમજ આરોગ્ય વિભાગ જરી ગીલીટના એકમોમાં જવલીનશીલ પદાર્થ (કેમીકલ) ના પરવાના સંગ્રહ/વપરાશ કરવાના બીપીએમસી એકટ–૩૭૬ –૧ મુજબ આપી શકે હા યા ના માં માહિતી આપવા બાબતે માંગેલ માહિતી સાચી નથી તેમજ સંતોષકારક નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પ૨૩ તા.૧૮–૮–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતીઅધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૪૪ તા.૫–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. તેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજી, અરજદારને તા.૬–૮–૦૮ ની અરજી બાબતે પાઠવેલ પત્રની નકલ આપેલ માહિતીના સમર્થનમાં બીપીએમસી એકટની કલમ–૩૧૩,૩૭૬,૩૭૬–ક–અ, ની જોગવાઈ જણાવતી કાયદાકીય નકલની પ્રત, તથા તા.૧૩–૭–૦૯ ની અરજી બાબતે આપવામાં આવેલ સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૮૭ તા.૬–૮–૦૯ નો પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૩–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૮૭ તા.૬–૮–૦૯ થી " જરી ઉદ્યોગને ભારત સરકાર ધ્વારા ગૃહ ઉદ્યોગ જાહેર કરેલ છે જરી ઉદ્યોગમાં વપરાંતાં જવલનશીલ પદાર્થો જેવા કે સેલો, લેકર વિ. સંગ્રહ/વપરાશ/ બીપીએમસી એકટની કલમ ૩૭૬(૧) પ્રકરણ–૧૮ ના ભાગ–૧,૨,૩, ૪ તથા સુરત મ્યુ. રુલ્સના ચેપ્ટર–૦૯ રૂલ્સ ૨૨૫–અ અનુસાર પરવાનો આપવામાં આવે છે તેવા જવાબથી નારાજ થઈ તા.૭–૮–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મળેલ માહિતી સાચી નથી તેમજ સંતોષકારક નથી એમ જણાવેલ.

અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી રજૂઆત ફાયર, આરોગ્ય વિગેરે વિભાગોની માહિતી મળેલ નથી તથા અર્થઘટનને પડકારતી વિગત રજૂ કરેલ છે. જેનો સમાવેશ મૂળ અરજીમાં નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કંઈ કરવાનું રહેતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૯ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***<br>
***અને એપેલેટ ઓફિસર***<br>
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, (સેન્ટ્રલઝોન) ..... જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,